# સંશોધન નિયામકશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ - ૩૮૮ ૧૧૦

| | |
|---|---|
| ડૉ. કે.બી.કથીરીયા | ફોન નંબર: ૦૨૬૯૨ - ૨૬૩૬૦૦ |
| સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ | ઇ-મેઇલ : **dr@aau.in** |


વંચાણે : ૧. અધિસૂચના નં આકૃયુ / સંશો / ટી-૩ / ૩૩૯૭/ ૨૦૧૩. તા. ૧૮.૦૭.૨૦૧૩

૨. કુલસચિવશ્રીના પત્ર જા.નં. આકૃયુ/રજી/કો-ઓર્ડી/૫૮૨૦/૨૦૧૫, તા. ૨૨.૦૫.૨૦૧૫

## અધિસૂચના

આમુખમાં વંચાણે લીધેલ કુલસચિવશ્રીના પત્રથી આઇ.સી.એ.આર. યોજનાઓમાં સિનિયર રીસર્ચ ફેલો/રીસર્ચ એસોસીએટની જગ્યાઓ માટે આસી. ડાયરેક્ટર જનરલ, આઇ.સી.એ.આર. દ્વારા F.No.2-9/2012-HRD, તા.૨૫/૦૪/૨૦૧૪થી રીવાઇઝ ગાઇડલાઇન બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીની ફાઇલ પર માનનીય કુલપતિશ્રીએ આપેલ મંજુરી મુજબ આઇ.સી.એ.આર. યોજનાઓ માટે નીચે મુજબની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | સંશોધન નિયામકશ્રી | -અધ્યક્ષ |
| ૨. | જે તે પ્રોજેક્ટના પી.આઇ. | -સભ્ય |
| ૩. | ડીનશ્રી, સબંધિત વિદ્યાશાખા | -સભ્ય |
| ૪. | વૈજ્ઞાનિકશ્રી, ICAR-DMAPR, બોરીયાવી | -સભ્ય |
| ૫. | કુલસચિવશ્રી | -સભ્ય સચિવ |

વધુમાં જણાવવાનું કે આણંદ કૃષિ યુનિવર્સિટીમાં કાર્યરત આઇ.સી.એ.આર. સિવાયની તમામ યોજનાઓ (પ્લાન/નોન-પ્લાન /અધર એજન્સી વગેરે)માં મંજુર થયેલ રીસર્ચ ફેલો/રીસર્ચ એસોસીએટની જગ્યાઓ ભરવા માટે અત્રેની કચેરીની ફાઇલ પર માનનીય કુલપતિશ્રીએ આપેલ મંજુરી મુજબ નીચે દર્શાવેલ પસંદગી સમિતીની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | સંશોધન નિયામકશ્રી અથવા તેઓશ્રીના પ્રતિનિધિ | -અધ્યક્ષ |
| ૨. | આચાર્યશ્રી / ડીનશ્રી સબંધિત વિદ્યાશાખા | -સભ્ય |
| ૩. | સબંધિત યુનિટ અધિકારીશ્રી | -સભ્ય |
| ૪. | પ્રાધ્યાપક અને વડાશ્રી (જે તે વિષયના નિષ્ણાંત) | -સભ્ય |
| ૫. | મુખ્ય સંશોધન વૈજ્ઞાનિક – પી.આઇ. | –સભ્ય સચિવ |

રીસર્ચ ફેલો / રીસર્ચ એસોસીએટની જગ્યાઓ ભરવા માટેની સઘળી કાર્યવાહી જે તે કમિટીમાં દર્શાવેલ સભ્ય સચિવ ધ્વારા હાથ ધરવાની રહેશે. રીસર્ચ ફેલો/રીસર્ચ એસોસીએટની નિમણૂંક/રાજીનામાના હુકમો, પસંદગી યાદીની ઝેરોક્ષ નકલ સહિત જે-તે કચેરી તરફથી તૈયાર કરી અધ્યક્ષશ્રીની સહીમાં મૂકવાના રહેશે. આમુખમાં વંચાણે લીધેલ અ.નં. ૧ મુજબની અધિસૂચના આથી રદ કરવામાં આવે છે અને આ અધિસૂચનાનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

જા.નં. આકૃયુ / સંશો / ટી-૩ / ૪૮૫૭ /૨૦૧૫

તા. : ૧૨ .૦૮.૨૦૧૫

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

નકલ રવાના:

૧. કુલસચિવશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ સારુ.

૨. નિયામકશ્રી ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આકૃયુ, આણંદ તરફ વેબસાઈટ પર મુકવા સારુ.

૩. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી તરફ જાણ તેમજ અમલ કરવા સારૂ.